ધન, દોલત અને ગરીબી

ઘણાં સમયથી મારુ અવલોકન છે કે માર્કેટમાં એટલી બધી સફળતા અને પૈસા કમાવાની પુસ્તકો અને તેના લેખની ચર્ચા કરવામાં આવે છે કે જાણે જીવનનો ધ્યેય માત્ર પૈસા જ હોય માત્ર સફળતા જ હોય. કોના માટે સફળતા કેવી હોય અને કોને સફળતા કહેવામાં આવે તેના માપદંડો આજે પણ નક્કી નથી. આપણે મોટા મોટા ઉદ્યોગપતિઓની વાતો અને તેમની જીવનશૈલીથી આકર્ષાઈ જઈએ છે. અને વિચારએ છીએ કે આના માટે તો નસીબ જોઈએ. આવી સફળતા મળવી જોઇએ. તો જ જીવન જીવ્યું કહેવાય. પરંતુ આજે એક પ્રશ્ન પુછવો છે જો માત્ર શ્રીમંતાઈ જ સફળતા હોય તો ગરીબી શું છે? શા માટે ગરીબ માત્ર ગરીબ છે? પૈસા તો સૌ કોઈ કમાઈ જાણે. ચોર ચોરી કરે તેને પણ પૈસા કમાવવા કહેવાય અને એક સિક્યોરિટી ગાર્ડ પોતાની ફરજ બજાવીને પૈસા કમાય તેને પણ પૈસા કમાવવા કહેવાય. તો હવે આજે ગરીબાઈને ચાણક્યની નીતિથી સમજવાનો પ્રયત્ન કરીએ.

ગરીબી એક વિચાર અને જીવનશૈલી

આપણે ઘણાં બધા લોકોને દિવસના સમયે ભીખ માંગતા જોઈએ છે અને મળતાં પણ હોય છે. ઘણાં બધાંને આપે ભીખ સ્વરૂપે પૈસા કે વસ્તુની મદદ પણ કરી હશે. પરંતુ આપને ખ્યાલ છે કે ગરીબી એક વિચાર છે. ગરીબી પણ એક વિકટીમ (ભોગ બનનાર) તરીકે જીવન જીવવાની અભિલાષા છે. આ દુનિયામાં ઘણાં વ્યક્તિઓને કઈ જ નહી કરવાની અને સામે મેળવી લેવાની ઈચ્છા હોય છે. માત્ર પોતાની લાચારી અને પોતાની નબળાઈનો ઉપયોગ કરીને સહાનુભૂતિ મેળવે છે. અને આ જ ખરી ગરીબાઈ છે. સરળતાથી મળતી સહાનુભૂતિ અને દયાભાવના સ્વરૂપે મળતાં પૈસા અને વસ્તુ બંને જે તે વ્યક્તિની માનસિકતા બની જાય છે અને પછી તે વ્યક્તિ પોતાનું આખું જીવન આ જ લાચારી અને ગરીબીમાં જીવે છે. ખરાં અર્થમાં તો આ આદત છે. અને જો કાળા માથાનો માનવી ધારે ને તો એક પણ ગરીબ આ દુનિયામાં ન રહે. પરંતુ માનવીની પોતાનો અહંકાર સંતોષવાની વૃતિ અને બીજાથી પોતાને ચડિયાતા બતાવાની ઘેલછા સાથે અમુક વ્યક્તિની ગરીબી માટે સહાનુભૂતિ મેળવવાની આ જ ઇચ્છાના કારણે આર્થિક સ્તરનું અંતર આજે પણ યથાવત છે. ગરીબ તરીકે જન્મ લેવો ગુનો નથી પરંતુ ગરીબ તરીકે જીવું તે ગુનો છે.

ગરીબી ચાણક્યની દ્રષ્ટિએ.

ચાણક્યની નીતિ ઘણી પ્રચલિત પણ છે અને પ્રેક્ટિકલ પણ. અને આ દ્રષ્ટિથી જો ગરીબને જોવામાં આવે તો ઘણાં ધનાઢ્ય પરિવારો પણ ગરીબ ગણાય. જેમ કે મહેનત કર્યા વિનાના પૈસા. છીનવેલા પૈસા અથવા તો શેર-સટ્ટામાં કમાયેલા પૈસા કે ચોરી જુગારના પૈસા. આ રીતે કમાયેલા પૈસા એટલે ગરીબી. ખરાં અર્થમાં જો આપણે સમજીએ તો જ્યાં આપણે કામ કરીએ છીએ અને જો આપણું સો ટકા નથી આપી શકતા અને મળતાં નાણાંને પણ ચાણક્ય ગરીબનું ધન ગણાવે છે. અને માટે જ કેટલી પ્રોપર્ટી કે બૅંક બેલેન્સ છે તે જરૂરી નથી પરંતુ ભેગી કરેલી આ મિલકત કેવી મહેનતથી મેળવી છે તે જરૂરી છે.

સામાન્ય શબ્દોથી સમજવામાં આવે તો જે વ્યક્તિ સેલ્ફ ડિસિપ્લિનથી જીવી નથી શકતો અથવા તો પોતાની આર્થિક સ્થિતિને બદલવામાં માત્ર બાહ્ય પરિબળોને જવાબદાર ગણીને માત્ર પોતાની સ્થિતિના રોદડા રડે છે તે પણ ગરીબ જ છે. માનવી તરીકે જો પોતાને પ્રશ્ન પૂછવામાં આવે ને કે જે મળે છે તે મેળવવા માટે શું પોતાનું સો ટકા યોગદાન આપેલું છે? જે પૈસા લીધા છે તેની સામે દસ ગણી સેવા આપી છે? જવાબ તો ના જ આવશે ચોક્કસ. તો આ સ્થિતિને માત્ર ગરીબીની સ્થિતિ જ કહેવાય.

ગરીબીની સ્થિતિ માત્ર આર્થિક નથી હોતી પરંતુ માનસિક અને શારીરિક ગરીબીને પણ ધ્યાનમાં લેવી જરૂરી છે. અત્યારના સમયની નાકામની વ્યસ્તતા અને ખોટી આદતો પણ ગરીબાઈ જ છે. આપણે જો માનવી તરીકે વિચારીએને તો માત્ર આર્થિક સ્થિતિ ઉપરથી જ માત્ર ગરીબાઈને નક્કી કરીએ છે. પરંતુ ખરી ગરીબાઈ તો વિચારોની પણ છે. ખોટાં વિચારો અને નકારાત્મક વિચારો પણ ગરીબાઈને નોતરે છે. જે વિચારો આપણું ચારિત્ર્ય બનાવે છે તે વિચારોની શ્રીમંતાઈ પણ વિચારવાની જરૂર છે. સારી આદતોની શ્રીમંતાઈ વિષે ક્યારેય વિચાર્યું છે? તો ગરીબીને પણ બીજા દ્રષ્ટિકોણથી જોવાની જરૂર છે. સફળતાની, નામની ઘેલછાએ માત્ર આર્થિક સ્તરને જ ગરીબીમાં ખપાવી દીધું છે. પરંતુ જો જીવનના દરેક ખૂણાને નિહાળવામાં આવેને તો ખ્યાલ પડશે કે નાનીનાની વસ્તુઓમાં પણ ગરીબાઈ જોવા મળે છે.

ચાલો આજે સંકલ્પ કરીએ કે જીવનના દરેક ખૂણામાંથી ગરીબીને દૂર કરીએ. કઈંક બીજા માટે કરીએ. સમાજ માટે કરીએ. થોડું બીજા માટે પણ જીવી જાણીએ.

નમસ્કાર.